ફોજદારી કેસ નં.૫૯૮/૦૭

આંક–૧ નીચે હુકમ

.........................................................................................................

વિ.એ.પી.પી.શ્રીની આંક– ૩ ની અરજી વંચાણે લીધી તથા મહે.જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનાએ તેમના તા.૪/૭/૧૯ ના હુકમ નંબર ડીસ/સીટીઝેડ/મેટ્રો કોર્ટ/ લોકઅદાલત ડોરમેન્ટ કેસ પરત/૨૦૧૯ થી આવેલ પત્રને વંચાણે લીધો સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનાએ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલ છે. આ અંગે વિ.એ.પી.પી.શ્રીએ સદરહુ આંકવાળી અરજી રજુ કરે હાલનો કેસ પરત ખેંચવા માગતા હોવાનું જાહેર કરી અરજી કરેલ છે અને પરત ખેંચતા હોવાનું જાહેર કરેલ છે. વધુમાં જણાવે છે કે આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણા લાંબા સમયથી કોર્ટ માં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતા નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સીવાય પેન્ડીંગ રહેલ છે તેથી તથા આ કેસ નજીવી સજાનેપાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય શકિત અને નાણાંની વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતું ઘ્યાન આપી ગંભીર ગુનાના કેસમાં પુરતુ ઘ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજી પુર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયનાં હિતમાં વિ.એ.પી.પી.શ્રીએ આ કેસ પરત ખેંચવા હોવાનું જાહેર કરેલ છે. રજુઆત તથા તારણો જાતાં આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોઅલથી ફેસલ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરું છુ.

:: હુકમ ::

આથી ક્રિ.પો.કોડ કલમ–૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી. આ કેસ વિડ્રોઅલથી ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧. મુદામાલ દેશી/વિદેશી દારૂનો/બિનકિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.
૨. મુદામાલ રોકડ રકમ જપ્ત કરી હોય તો અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરવી.
૩. પોલીસે કબ્જે કરેલ મુદામાલ વાહન જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદામાલ વાહન તેના રજીસ્ટ્રર ઓન"રને આર.સી.બુકની નકલ રજુ કર્યે થી ઓળખની ખાતરી કરી પરત આપવો.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૩/૦૭/૧૯

(આર.બી.ઈટાલીયા)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૬, અમદાવાદ.